શિક્ષક ભરતી સમિતિની રચના સામે ભારે રોષ

નિમણૂંકો રદ નહીં થાય તો 25 નવેમ્બરથી રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી

બહોળી સભ્ય સંખ્યા ધરાવતા માન્ય શૈક્ષણિક સંગઠનોને પ્રતિનિધિત્વ નહીં અપાતાં વિરોધ

ગાંધીનગરઃ રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી માટે શિક્ષણ વિભાગ દ્વારા રચવામાં આવેલી ભરતી સમિતિમાં સભ્યોની નિમણૂકને લઈને શિક્ષણ જગતમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સમિતિમાં ત્રણ સભ્યોની નિયુક્તિ કરવામાં આવી છે, પરંતુ રાજ્યમાં બહોળી સભ્ય સંખ્યા ધરાવતા ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ સાથે સંકળાયેલા માન્ય સંગઠનોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું નથી કે વિશ્વાસમાં લેવામાં આવ્યા નથી. સરકારના આ નિર્ણય સામે સંકલન સમિતિએ ઉગ્ર વિરોધ નોંધાવી ભરતી સમિતિની નિમણૂકો તાત્કાલિક અસરથી રદ કરવાની માગણી કરી છે. માગણીઓ નહીં સંતોષાય તો આગામી 25 નવેમ્બર, 2026થી આંદોલનાત્મક કાર્યક્રમો શરૂ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે સંગઠનોને વિશ્વાસમાં લીધા વિના લેવાયેલો નિર્ણય આશ્ચર્યજનક અને દુઃખદાયક છે. સંકલન સમિતિએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લેખિત રજૂઆત કરીને ભરતી સમિતિની નિમણૂકો રદ કરવા તેમજ શિક્ષણ કર્મચારીઓના પડતર પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરી છે. આગામી એક મહિનામાં સરકાર દ્વારા હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો 25 નવેમ્બર, 2026થી નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમો હાથ ધરવામાં આવશે તેવી સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે.

સુરત શહેર શાળા સંચાલક મંડળની બેઠકમાં

સુરતના 150થી વધુ સંચાલકોનો અસહકાર શરૂ કરવાનો નિર્ણય

જરૂર પડે તો હડતાળનું શસ્ત્ર ઉગામવાની ચીમકી ઉચ્ચારવામાં આવી

પાંચ ઝોનમાં જનસંપર્કની તૈયારી

સંચાલક મંડળ દ્વારા શહેરને પાંચ ઝોનમાં વહેંચીને વાલીઓ અને શાળા સંચાલકોને રૂબરૂ મુલાકાત દ્વારા વિધેયકની જોગવાઈઓ અંગે માહિતગાર કરવાની યોજના બનાવવામાં આવી છે. સૂચિત સુધારાઓ સામે વ્યાપક નારાજગી ઊભી કરી સરકાર સમક્ષ વિરોધ વધુ મજબૂત બનાવવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો અસહકારથી શરૂ કરીને જરૂરિયાત મુજબ હડતાળ સહિતનાં કડક પગલાં ભરવાની તૈયારી સંચાલકોએ દર્શાવી છે.

સુરત : શિક્ષણ સુધારણા વિધેયકમાં સૂચવાયેલા સુધારાઓ સામે સુરત શહેર શાળા સંચાલક મંડળની જીવનભારતી શાળા ખાતે યોજાયેલી બેઠકમાં 150થી વધુ સંચાલકોએ શિક્ષણ વિભાગ સામે અસહકાર શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. મંડળના અધ્યક્ષ દિનકરભાઈ નાયક અને મંત્રી દિનેશભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, જરૂર પડે તો હડતાળનું શસ્ત્ર ઉગામવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. બેઠકમાં સ્વનિર્ભર શાળાઓ માટે સૂચવાયેલી જોગવાઈઓ સામે સંચાલકોએ વિરોધ નોંધાવ્યો હતો. ગ્રાન્ટેડ શાળાઓને લાગુ પડતા તમામ નિયમો સ્વનિર્ભર શાળાઓને પણ લાગુ કરવાની જોગવાઈ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. શાળાની ભૂલ બદલ અગાઉના રૂપિયા 10 હજારના દંડની જગ્યાએ રૂપિયા 10થી 15 લાખ સુધીનો દંડ અને બે વર્ષથી વધુ નહીં તેવી કેદની જોગવાઈ અંગે પણ નારાજગી વ્યક્ત કરાઈ હતી. આ ઉપરાંત, વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા નક્કી કરવા, સ્વનિર્ભર શાળાઓમાં 11 માસના કરાર આધારિત કર્મચારીઓની નિમણૂક સરકાર દ્વારા કરવાની જોગવાઈ અને ફી નિર્ધારણ સમિતિ માટે શરૂઆતમાં નક્કી કરાયેલા સ્લેબમાં વધારો ન થવા સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

જકાર્તા ખાતે યોજાયેલી ૨૦૧૮ની એશિયન ગેમ્સમાં અદભૂત પ્રદર્શન કરનાર

ડાંગની ‘ગોલ્ડન ગર્લ’ ગણાતી સરિતા ગાયકવાડ સાથે લાખોની છેતરપિંડી

ખુદ નાયબ પોલીસ અધિક્ષકનાં હોદ્દા પર ફરજ બજાવતા ખેલાડી સાથે થયેલી નાણાકીય ઠગાઈ

સાપુતારા : ઇન્ડોનેશિયાના જકાર્તા ખાતે યોજાયેલી ૨૦૧૮ની એશિયન ગેમ્સમાં અદ્ભુત પ્રદર્શન કરી દેશનું નામ રોશન કરનાર ડાંગ જિલ્લાની ગૌરવવંતી એથ્લિટ અને ‘ગોલ્ડન ગર્લ’ તરીકે ખ્યાતિ પામેલી સરિતા ગાયકવાડ એક મોટી નાણાકીય છેતરપિંડીનો ભોગ બન્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે.

વર્ષ ૨૦૨૪ દરમિયાન આહવા તાલુકાનાં ગાઢવી ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ અને મિત્ર જીતેન્દ્રભાઈના માધ્યમથી સરિતાબેનની ઓળખાણ તાપી જિલ્લાના વ્યારા તાલુકાના બોરખડી ગામના રહેવાસી નિતિનભાઈ બાબુભાઈ ભારતી સાથે થઈ હતી. આરોપી નિતિનભાઈએ પોતાની પાસે કરોડો રૂપિયાનો રેતીનો વેપાર હોવાનું ચિત્ર ઊભું કરીને સરિતાબેનને આ વ્યવસાયમાં નાણાં રોકવા માટે ભારે પ્રોત્સાહિત કર્યા હતા. આરોપીએ એવું પ્રલોભન આપ્યું હતું કે જો તેઓ રેતીના વેપારમાં રોકાણ કરશે, તો તેમને દર મહિને ચાર ટકા નફો મળશે વિશ્વાસમાં આવીને સરિતાબેને ફોન-પે તેમજ અલગ-અલગ બેંક ખાતાઓ દ્વારા નિતિનભાઈને કુલ રૂપિયા ૬૯,૧૦,૦૫૬ જેટલી મોટી રકમ ટ્રાન્સફર કરી હતી.

સોદાબાજી કે વચન મુજબ ન તો નિયમિત રીતે દર મહિને ચાર ટકા નફો મળ્યો કે ન તો સમયસર રકમ પરત મળી. સરિતાબેને જ્યારે પોતાના નાણાંની વારંવાર માંગણી કરી, ત્યારે નિતિનભાઈ દ્વારા માત્ર ખોટા વાયદાઓ જ આપવામાં આવ્યા હતા. અત્યાર સુધીના વ્યવહારમાં સરિતાબેનને પરત રકમ તરીકે રૂપિયા ૧.૮૦ લાખ જ પરત મળ્યા છે, આરોપીએ વોટ્સએપ પર રૂપિયા ૩૦ લાખના ચેકનો ફોટો મોકલીને રૂબરૂ ચેક આપવાની ખાતરી આપી હતી, પરંતુ આજ દિન સુધી ન તો મૂળ ચેક આપવામાં આવ્યો કે ન તો છેલ્લા બે મહિનાથી ફોન રીસીવ કરવામાં આવ્યો છે. ખુદ નાયબ પોલીસ અધિક્ષકનાં હોદ્દા પર ફરજ બજાવતા ખેલાડી સાથે થયેલી નાણાકીય ઠગાઈ સરિતા ગાયકવાડે નિતિનભાઈ બાબુભાઈ ભારતી વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગંભીર આક્ષેપ કરી કાયદેસરની કડક કાર્યવાહી કરવાની તેમજ પોતાની ફસાયેલી બાકી રકમ વહેલી તકે પરત અપાવવાની ઉગ્ર માંગણી કરી છે.

જામીન થતાં જ ચૈતર વસાવા ભાઈની ખબર પૂછવા નવી સિવિલ દોડી ગયા

ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરનાર શાંતિલાલ વસાવા 15 દિવસથી હોસ્પિટલમાં સારવાર હેઠળ, હાલ ખતરાની બહાર



સુરત : આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા શરતી જામીન પર જેલમાંથી મુક્ત થયા બાદ આજે સવારે સુરતની નવી સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમના ભાઈ શાંતિલાલ વસાવા છેલ્લા પંદર દિવસથી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાથી તેમની તબિયતના ખબર અંતર પૂછવા ચૈતર વસાવા હોસ્પિટલ આવ્યા હતા. આ દરમિયાન તેમની સાથે આપના પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠિયા પણ હાજર રહ્યા હતા.હાલ કિડની બિલ્ડિંગ ખાતે આવેલા મેડિસિન આઇસીયુ વોર્ડમાં તેમની સારવાર ચાલી રહી છે. શરતી જામીન પર મુક્ત થયા બાદ ચૈતર વસાવા સીધા જ ભાઈની મુલાકાતે પહોંચ્યા હતા અને તબીબો પાસેથી તેમની સારવાર તથા તબિયત અંગે જાણકારી મેળવી હતી.

આ અંગે નવી સિવિલ હોસ્પિટલનાં ડોક્ટરે જણાવ્યું હતું કે, શાંતિલાલ વસાવા હાલ ખતરાની બહાર છે. તેમને હોસ્પિટલમાં લાવવામાં આવ્યા ત્યારે હાલત ગંભીર હતી અને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. જોકે, હવે તેમની સ્થિતિમાં સુધારો થતાં વેન્ટિલેટર પરથી હટાવી દેવાયા છે અને મેડિસિન આઇસીયુમાં સારવાર ચાલુ છે.

GST રજિસ્ટ્રેશન રદ કરવું હવે આસાન, મળશે ઓટોમેટિક મંજૂરી

અધિકારીની રાહ જોવી નહીં પડે, સિસ્ટમ જાતે જ ચેક કરીને કરી દેશે કેન્સલ

2.5 લાખની લિમિટ સુધી સીધી મંજૂરી, વેપારીઓને મોટી રાહત

સુરતઃ જે વેપારીઓ પોતાનું GST રજિસ્ટ્રેશન બંધ કરાવવા માંગે છે, તેમના માટે મોટા સમાચાર છે. GST નેટવર્ક (GSTN)એ રજિસ્ટ્રેશન કેન્સલ કરવાની એટલે કે Form GST REG-16ની પ્રક્રિયા એકદમ સરળ અને ઝડપી બનાવી દીધી છે. હવે અધિકારીના ટેબલ પર ફાઈલ અટવાશે નહીં, સિસ્ટમ જ ઓટોમેટિક મંજૂરી આપી દેશે. જેથી વેપારીઓને રાહત રહેશે.

શું છે નવો નિયમ?

તમે જ્યારે કેન્સલ માટે અરજી કરશો, ત્યારે સિસ્ટમ પહેલા ચેક કરશે કે તમે કેન્સલની તારીખ સુધીના બધા રિટર્ન ભર્યા છે કે નહીં. જો તમે GSTR-1 ભર્યું હશે તો તે મહિનાનું GSTR-3B ભરવું પણ ફરજિયાત છે. જો તમારા કેટલાક રિટર્નની છેલ્લી તારીખ હજુ આવી ન હોય અને તે બાકી હશે, તો તમારી અરજી ‘Pending for Returns Filing’ માં જતી રહેશે. તમારે સમયસર તે રિટર્ન ભરવા પડશે. જો તમે સમયસર નહીં ભરો તો તમારી અરજી સીધી ટેક્સ ઓફિસર પાસે જતી રહેશે.

કોને મળશે સીધી ઓટોમેટિક મંજૂરી?

જો તમે સમયસર બધા રિટર્ન ભરી દેશો, તો કોઈ અધિકારી વગર જ સીધું રજિસ્ટ્રેશન રદ થઈ જશે. જો તમારી દર મહિનાની ટેક્સ લાયાબિલિટી (OTL) 2.5 લાખ રૂપિયા કે તેનાથી ઓછી હશે, તો બધા રિટર્ન ભરતાની સાથે જ સિસ્ટમ ઓટોમેટિક રજિસ્ટ્રેશન રદ કરી દેશે. જો ટેક્સ લાયાબિલિટી 2.5 લાખથી વધારે હશે, તો તમારે 3 દિવસની અંદર ફાઈનલ રિટર્ન એટલે કે GSTR-10 ભરવું પડશે. જો તમે 3 દિવસમાં GSTR-10 ભરી દેશો તો રજિસ્ટ્રેશન ઓટોમેટિક રદ થઈ જશે, નહીં તો ફાઇલ ઓફિસર પાસે જશે.

જો ફાઈલ ઓફિસર પાસે જશે તો?

જો કોઈ કારણસર તમારી અરજી ટેક્સ ઓફિસર મંજૂર કરે છે, તો તમારે રદ થયાની તારીખથી 90 દિવસમાં GSTR-10 ભરવાનું રહેશે, જેમ અત્યારે નિયમ છે.આ નવા ફેરફારથી નાના વેપારીઓને RTO ની જેમ GST ઓફિસના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે અને કામ ઝડપથી પતી જશે.

કપાસની આયાત પર 11 ટકા કસ્ટમ ડ્યૂટીની માફી લંબાવવા સામે વિરોધ

વિદેશી કપાસની સસ્તી આયાતથી સ્થાનિક ખેડૂતોને મોટું નુકસાન થવાની ભીતિઃ ખેડૂત અગ્રણી જયેશ દેલાડ

સુરતઃ કેન્દ્ર સરકારે કાપડ ઉદ્યોગને રાહત આપવાના હેતુથી કપાસની આયાત પર 11 ટકા કસ્ટમ ડ્યૂટીની માફી વધુ બે મહિના લંબાવી છે. અગાઉ 31 ઓક્ટોબર 2026 સુધી અમલમાં રહેલી આ છૂટ હવે 31 ડિસેમ્બર 2026 સુધી ચાલુ રહેશે.

જોકે, સરકારના આ નિર્ણય સામે કપાસ પકવતા ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. દક્ષિણ ગુજરાત સહકારી કોટન યુનિયનના અગ્રણી જયેશભાઈ પટેલ (દેલાડ)એ આ નિર્ણયનો વિરોધ નોંધાવી ખેડૂતોને અન્યાય થતો હોવાનો આક્ષેપ કર્યો છે.

જયેશ દેલાડે જણાવ્યું હતું કે અમેરિકા, બ્રાઝિલ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાંથી સસ્તા ભાવે કપાસની આયાત થવાથી ભારતીય કપાસના બજારભાવ પર દબાણ આવશે અને સ્થાનિક ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થશે.

તેમના મતે દક્ષિણ ભારતના ટેક્સટાઈલ ઉદ્યોગના દબાણ હેઠળ કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો છે. દેશના કુલ કપાસ ઉત્પાદનમાં આશરે 25 ટકા હિસ્સો ધરાવતા ગુજરાતના ખેડૂતોને તેની સૌથી વધુ અસર થઈ શકે છે.

દેશમાં આ વર્ષે આશરે 300 લાખ ગાંસડી કપાસનું સ્થાનિક ઉત્પાદન થવાની સંભાવના છે. આવા સમયે વિદેશી કપાસની આયાતને ડ્યૂટીમુક્ત કરવાની છૂટ આપવી એ ગુજરાત સહિત દેશભરના કપાસ ઉત્પાદક ખેડૂતોના હિત પર પ્રહાર સમાન છે. સરકારના નિર્ણયથી સ્થાનિક ખેડૂતોમાં નિરાશા ફેલાઈ છે. આગામી દિવસોમાં નવાજૂની થશે.

ક્લેમ નામંજૂર કરનાર કંપની સામે ફરિયાદ કરનારને ૨૦ હજારનો દંડ

તબીબી પ્રમાણપત્ર અને દાવામાં વિરોધાભાસ હોવાથી ગ્રાહક સુરક્ષા કમિશને ફરિયાદ ફગાવી

સુરતઃ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મુખ્ય) એ પુરાવાઓમાં વિરોધાભાસ હોવાના કારણે ફરીયાદીની અરજી રદ કરી ફરીયાદીને વીમા કંપનીને ખર્ચ પેટે ૨૦,૦૦૦ રૂપિયા ચૂકવવાનો આદેશ કર્યો હતો. મોટા વરાછા વિસ્તારમાં રહેતા સાગર હસમુખભાઈ શેરાને શારીરિક તકલીફ જણાતાં તા. ૨૨/૦૮/૨૦૨૨ના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ‘પી. વાયવેક્સ મલેરિયા’ હોવાનું નિદાન થયું હતું. સારવાર બાદ ૨ લાખના ખર્ચનો ક્લેઈમ વીમા કંપની સમક્ષ રજૂ કર્યો હતો. પરંતુ વીમા કંપનીએ પોલિસીની શરતો અને વિસંગતતાઓને આધારે આ ક્લેઈમ નામંજુર કર્યો હતો. જેથી ફરીયાદીએ ગ્રાહક સુરક્ષા અધિનિયમ હેઠળ કમિશનમાં કેસ દાખલ કર્યો હતો. કમિશન સમક્ષ સુનાવણી દરમિયાન વીમા કંપનીના વકીલ દર્શન શાહે દલીલ કરી હતી કે નિયમો અનુસાર જ ક્લેઈમ રદ કરવામાં આવ્યો છે. ફરીયાદીએ ડૉ. જીગ્નેશ કથીરિયા દ્વારા સારવાર કરાઇ હોવાનું જણાવ્યું હતું.

ડૉ. જીગ્નેશ કથીરિયા દ્વારા રજૂ કરવામાં આવેલા સર્ટિફિકેટ મુજબ ફરીયાદીની સારવાર તેમણે કરી ન હોવાની સ્પષ્ટ નોંધ કરવામાં આવી હતી. ફરીયાદી આ દસ્તાવેજ કે સર્ટિફિકેટનું સફળતાપૂર્વક ખંડન કરી શક્યા ન હતા, જેના કારણે ફરીયાદીની રજૂઆત અને ડૉક્ટરની નોંધમાં મોટો વિરોધાભાસ જોવા મળ્યો હતો. પુરાવાઓને ધ્યાનમાં રાખીને કમિશને ફરીયાદ રદ કરી ફરિયાદીને ૨૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

ઓલપાડના સાપરાધ મનુષ્યવધમાં હાઈકોર્ટે જામીન મંજૂર કર્યા

સુરતઃ ઓલપાડના ચર્ચાસ્પદ અકસ્માતમાં મૃત્યુ પામનાર અમીષ પટેલ કેસમાં ઓલપાડ પોલીસ સ્ટેશને નોંધાયેલી સાપરાધ મનુષ્યવધની ફરિયાદ માં આરોપી નીલ પટેલના હાઈકોર્ટે જામીન મંજૂર કર્યા હતા. આરોપીના સુરત કોર્ટે જામીન નામંજૂર કરતા આરોપીએ હાઇકોર્ટમાં વકીલ પી. ટી. રાણા અને મનન શાહ મારફતે જામીન અરજી કરી હતી.

ચેક રિટર્નની પાંચ ફરિયાદમાં કંપનીના પાંચ ડિરેક્ટરનો છૂટકારો

સુરતઃ ૧૯ વર્ષની લાંબી ન્યાયિક લડત બાદ ચેક રિટર્નની પાંચ અલગ ફરિયાદમાં શ્રી રબર ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ તથા તેના પાંચ ડિરેક્ટર સંજય શાહ, દીપક શાહ, રમેશચંદ્ર શાહ, જયેશ શાહ, વિજય હલવાવાલાને નિર્દોષ ઠરાવાયા હતા. વકીલ તરીકે કેતન અને વત્સલ રેશમવાલા રહ્યા હતા.

JEE Main 2027: એક ભૂલથી હવે વર્ષ બગડશે નહીં


એકથી વધુ અરજી કરવાની છૂટ, ફી ભરેલી છેલ્લી અરજી જ માન્ય

ડુપ્લિકેટ નંબરથી બે વખત પરીક્ષા આપશો તો કાર્યવાહી

સુરતઃ જેઈઈ મેઈન 2027ની પ્રથમ સત્રની પરીક્ષા માટે રજિસ્ટ્રેશન કરી રહેલા વિદ્યાર્થીઓ માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ફોર્મ ભરતી વખતે થતી નાની-મોટી ભૂલોને કારણે વિદ્યાર્થીઓનું આખું શૈક્ષણિક વર્ષ જોખમમાં ન મુકાય તે માટે હવે નવી અરજી કરવાની છૂટ આપવામાં આવી છે. આ નિર્ણયથી અરજીમાં ભૂલ થઈ હોય તેવા વિદ્યાર્થીઓને રાહત મળશે. અગાઉ એક જ સત્ર માટે એકથી વધુ અરજી કરવી નિયમ વિરુદ્ધ ગણાતી હતી. ભૂલ સુધારવા માટે બીજી અરજી કરનાર વિદ્યાર્થીઓનાં બંને ફોર્મ રદ થવાની શક્યતા રહેતી હતી. હવે ઉમેદવાર નવી અરજી કરીને નવો એપ્લિકેશન નંબર મેળવી શકશે. જોકે, ફી ભરાઈ ગઈ હશે અને તેનું કન્ફર્મેશન પેજ જનરેટ થયું હશે, તે છેલ્લી અરજી જ માન્ય ગણાશે. NTAએ સામાન્ય વિગતોમાં સુધારા માટે 27થી 29 નવેમ્બર 2026 દરમિયાન કરેક્શન ફેસિલિટી ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરી છે. તેથી માત્ર સામાન્ય ભૂલો માટે નવી અરજી કરવાને બદલે આ સુવિધાનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે. વિદ્યાર્થીઓએ ડીજીલોકર, જનપરિચય અથવા ઈ-પ્રમાણ દ્વારા લોગિન કરવાની સલાહ આપવામાં આવી છે. ફોર્મ ભરતાં પહેલાં ડીજીલોકરમાં Re-KYC કરાવવું પણ જરૂરી છે. નામ અને જન્મતારીખ ધોરણ-10ની માર્કશીટ અથવા સર્ટિફિકેટ પ્રમાણે જ હોવાં જોઈએ.

સ્ટેચ્યુ ઓફ યુનિટીથી ગુજરાતની પ્રથમ વિસ્ટા ડોમ બસ સેવાનો પ્રારંભ

ગુજરાતનાં અન્ય પ્રવાસન અને હેરિટેજ રૂટ પર પણ શરૂ થશે સેવા



બસમાં ફાઇવ સ્ટાર જેવી સુવિધાઓ

રૂ.૨.૧૯ કરોડની કિંમત ધરાવતી એક વિસ્ટા ડોમ બસમાં પ્રવાસીઓ માટે પ્રીમિયમ એલઇડી સ્માર્ટ ટીવી, સીસીટીવી કેમેરા, કોફી-ટી મેકિંગ મશીન, મિની ફ્રિજ અને મોબાઇલ ચાર્જિંગ જેવી સુવિધાઓ આપવામાં આવી છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફાયર ડિટેક્શન એન્ડ સપ્રેશન સિસ્ટમ તથા ઇમરજન્સી હેમર સાથેના ટફન ગ્લાસની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આમ, લાંબી મુસાફરી દરમિયાન પ્રવાસીઓને આરામ, મનોરંજન અને સુરક્ષાની સુવિધા એક જ બસમાં મળશે.

ગાંધીનગરઃ ગુજરાતમાં પ્રવાસનનો અનુભવ હવે માત્ર સ્થળોની મુલાકાત પૂરતો સીમિત નહીં રહે, પરંતુ પ્રવાસ દરમિયાન રસ્તામાં જોવા મળતાં કુદરતી સૌંદર્ય અને ઐતિહાસિક વિરાસતને પણ પ્રવાસીઓ માણી શકશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીથી ગુજરાતમાં અત્યાધુનિક એસી વિસ્ટા ડોમ કોચ બસ સેવાનો પ્રારંભ થયો છે. પારદર્શક કાચની છત ધરાવતી આ બસમાં પ્રવાસીઓ એસી કેબિનમાં આરામદાયક બેઠક પર બેસીને ખુલ્લા આકાશ, પહાડો, હરિયાળી અને આસપાસનાં નયનરમ્ય દૃશ્યોનો આનંદ માણી શકશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આ બસનું લોકાર્પણ કરવાની સાથે તેમાં સફર પણ કરી હતી. ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ અને ગુજરાત ટુરિઝમની સંયુક્ત પહેલથી શરૂ થયેલી આ સેવા આગામી સમયમાં રાજ્યનાં અન્ય પ્રવાસન સ્થળો અને હેરિટેજ રૂટ સુધી વિસ્તરશે.

અનુસંધાન... પાના છેલ્લાનું

EDના સુરતમાં...

હાથ ધરવામાં આવ્યું હતું. નવીન ચિચકર, ધીરજ ચિચકર અને તેમના સાથીદારો દ્વારા સંચાલિત હોવાનું મનાતા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કની તપાસના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

EDની તપાસમાં ડ્રગ્સના ગેરકાયદે વેચાણથી ઊભી થતી કરોડોની ગુનાકીય આવકને નાણાકીય વ્યવસ્થામાં સામેલ કરવા માટે અપનાવવામાં આવતી પદ્ધતિઓ સામે આવી છે. ખાસ કરીને ડ્રગ્સના વેચાણથી મળતી રોકડ રકમને અમેરિકન ડોલર અને થાઈ બાહ્ટ જેવા વિદેશી ચલણમાં રૂપાંતરિત કરીને આરોપીઓ સુધી પહોંચાડવામાં આવતી હોવાની વિગતો તપાસમાં બહાર આવી છે.

સુરત અને ભાવનગરમાં થયેલી તપાસથી ગુજરાતમાં ડ્રગ્સના નાણાકીય નેટવર્કની કડીઓ શોધવા ED સક્રિય બની છે. જોકે, સુરતમાં કયા વ્યક્તિઓ કે વ્યવસાયોની ભૂમિકા છે તે અંગે સત્તાવાર વિગતો જાહેર થઈ નથી. સમગ્ર મામલે વધુ તપાસ ચાલુ છે.

વિદેશમાંથી ચાલતાં...

સાથે જોડાયેલાં અન્ય ખાતાં, નાણાકીય વ્યવહારોનો ઇતિહાસ અને ગુનાકીય આવકનો પત્તો લગાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.તાજેતરમાં જ ઇડી. સુરતએ બિટકોઇન, ડોકાડો અને અન્ય ક્રિપ્ટો કરન્સી કૌભાંડમાં દિવ્યેશ દરજીની ધરપકડ કરી હતી જેમાં એના માસ્ટર માઇન્ડ અને કેટલાક સાગરીતો ભાગતા ફરી રહ્યાં છે.જેમાં ફોરેક્સનો વેપાર પાકિસ્તાનની ચેનલથી થયો છે.

રોકડમાંથી વિદેશી...

હતી. આ ઉપરાંત, ગુનામાંથી મેળવેલી રોકડ રકમનું કેટલાંક કાયદેસર વ્યવસાયોમાં રોકાણ પણ કરવામાં આવતું હતું, જેથી ગેરકાયદે નાણાંને બિનદૂષિત અને કાયદેસરની આવક તરીકે દર્શાવી શકાય.

ફ્રી ફાયર...

નિર્દોષ સગીરોની હત્યામાં સંડોવાયેલા આરોપીઓને આજીવન જેલની સજા થાય તેવી માગ સાથે ન્યાયની ગુહાર લગાવી છે.

વોટ્સએપ ગ્રુપમાં...

પડતા વીડિયો નાખતા બીજાએ વાંધો ઉઠાવ્યો હતો. જે બાદ ગાળાગાળી થઈ અને ‘ખાનદેશી’ શબ્દનો ઉપયોગ કરતા મામલો બિચક્યો હતો, પરંતુ ઉગ્ર ઝપાઝપી થતાં સગીરોને છરો વાગી ગયો હતો.

બારડોલીના ભંડારીવાડ...

અને સ્થાનિકોની પૂછપરછના આધારે ગણતરીના સમયમાં જ બોમ્બ ફેંકનાર યુવકની અટકાયત કરી લીધી છે અને તેની સામે કાયદેસરનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના અત્યંત સંવેદનશીલ હોવાથી બારડોલી ટાઉન પોલીસ હાલ આ મામલે કોઈપણ સત્તાવાર નિવેદન આપવાનું ટાળી રહી છે. પોલીસ દ્વારા હાલ માત્ર કાયદેસરની કડક કાર્યવાહી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે અને વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરીને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

ઈન્સ્ટા ગ્રુપમાં...

રાખીને ત્રણ મિત્રો બે યુવકો પર મટન કાપવાના છરા વડે ઘાતક હુમલો કરી તેમની નિર્દયતાથી હત્યા કરી નાખી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ અંગે અઠવાલાઇન્સ પોલીસે સીસીટીવી ફૂટેજ આધારે હત્યામાં સંડોવાયેલા ત્રણ બાળકિશોરને પકડી પાડ્યા છે.

અઠવા પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા.૧ નવેમ્બર ૨૦૨૬ ના રોજ રાત્રે અંદાજે પોણા બારથી આજરોજ તા. ૨ નવેમ્બર ૨૦૨૬ ના સવા બારેક વાગ્યાના અરસામાં આ હૃદયદ્રાવક ઘટના બની હતી. નાનપુરામાં રહેતા આરોપી બાળ કિશોરે ‘સલમાનખાન ગ્રુપ’ નામના ઇન્સ્ટાગ્રામ ગ્રુપમાં તેમના મિત્ર ઉમર નુરમોહમદ મંગાએ એક વીડિયો મૂક્યો હતો. આ વીડિયો પર રૂહાને મજાકમાં ગાળો બોલી હતી, જેની અદાવત રાખીને ત્રણ બાળ કિશોર મિત્રો ઝઘડો શરૂ કર્યો હતો. વિવાદ વધતા આરોપીઓએ વાતચીત કરી સમાધાન કરવા માટે નાનપુરા મટન માર્કેટ પાસે આવેલા ફાતેમા કબ્રસ્તાન પાસે બોલાવ્યા હતા. જેથી રૂહાનના મિત્રો એવા ફરિયાદી મોહમદ સાબીરના પુત્ર મોહમદ ફૈજાન (ઉ.વ. ૧૬) અને તેના મિત્ર અજમલ અસ્ફાક શેખ (ઉ.વ. ૧૭) મામલો થાળે પાડવા માટે ત્યાં ગયા હતા. તે દરમિયાન ઉશ્કેરાઈ ગયેલા આરોપીઓએ બિભત્સ ગાળો બોલીને ધમકાવવાનું શરૂ કર્યું હતું.

આ દરમિયાન એક બાળ કિશોરે તેની પાસે રહેલા છરા વડે ફરિયાદીના સગીર પુત્ર મોહમદ ફૈજાનના પેટના જમણી બાજુના ભાગે તથા તેનો મિત્ર અજમલ અસ્ફાક શેખના પેટના વચ્ચેના ભાગે ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા. આ ગંભીર હુમલામાં બંને યુવકો લોહીલુહાણ થઈને ફસડાઈ પડ્યા હતા, જ્યારે ત્રણેય હુમલાખોરો ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. ઘટનાની જાણ થતા જ પરિવારજનો અને સ્થાનિક લોકો તાત્કાલિક બંને ઇજાગ્રસ્તોને નવી સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. જો કે, હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં ફરજ પરના તબીબોએ તપાસીને મોહમદ ફૈજાન અને અજમલ અસ્ફાક શેખ બંનેને મૃત જાહેર કર્યા હતા.

આ મામલે મૃતક મોહમદ ફૈજાનના પિતા મોહમદ સાબીર ફૈજ મોહમદ શેખની ફરીયાદના આધારે અઠવાલાઇન્સ પોલીસે ત્રણ બાળ કિશોર આરોપી વિરુદ્ધ હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી સીસીટીવી આધારે આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી.પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણે બાળકિશોરને પકડી પાડ્યા છે.નોંધનીય છે કે મૃતકોમાંથી એકના પિતા જેલમાં છે અને માતા નથી, જ્યારે બીજાના પિતા દિવ્યાંગ છે.

NCBની ફરિયાદ...

શંકા છે. મોટાભાગનો નશીલો જથ્થો વિદેશમાંથી મેળવવામાં આવતો હોવાનું EDનું તારણ છે.

ક્રિપ્ટો વોલેટ્સ અને વિદેશી ખાતાંની તપાસ

દરોડા દરમિયાન હાઇ-એન્ડ મોબાઇલ, લેપટોપ, ડિજિટલ સ્ટોરેજ, હિસાબી ચોપડા, નાણાકીય લેજર અને રોકાણના દસ્તાવેજો જપ્ત કરાયા હતા. કેટલાક કાયદેસર વ્યવસાયોમાં ગુનાકીય નાણાંનું રોકાણ કરીને તેને કાયદેસરની આવક તરીકે દર્શાવવાનો પ્રયાસ થયો હોવાની પણ તપાસ ચાલી રહી છે. ક્રિપ્ટો ટ્રેડર્સ સાથે સંકળાયેલાં સ્થળોએ પણ તપાસ કરવામાં આવી હતી. પ્રાથમિક રીતે શંકાસ્પદ ક્રિપ્ટો વોલેટ્સ અને ડિજિટલ એસેટ્સની વિગતો મળી છે. કેટલાક વ્યક્તિઓ ભારત બહારથી ક્રિપ્ટો ટ્રેડિંગ એકાઉન્ટ્સ ચલાવતા હોવાની આશંકા છે.

ઉત્રાણ સ્ટેશન પર યાર્ડ રિમોડલિંગ કામને કારણે 3 અને 4 નવેમ્બરે 6 ટ્રેન નહીં રોકાય

સુરતઃ વડોદરા મંડળના સુરત-વડોદરા સેક્શનમાં ઉત્રાણ સ્ટેશનને સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસાવવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. યાર્ડ રિમોડલિંગના કામને કારણે 3 નવેમ્બર અને 4 નવેમ્બરના રોજ કેટલીક મેમુ અને પેસેન્જર ટ્રેનો પ્રભાવિત થશે. ઉત્રાણ સ્ટેશનના ડાઉન પ્લેટફોર્મને અસ્થાયીરૂપે હટાવી દેવામાં આવ્યું છે અને ઉત્તર દિશામાં 600 મીટર લાંબા નવા પ્લેટફોર્મનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઈન્ફ્રાના મહત્ત્વના કામના કારણે 3 અને 4 નવેમ્બર 2026 સુધી ઉત્રાણ સ્ટેશન પર વલસાડ-વડોદરા પેસેન્જર, વિરાર-ભરૂચ એક્સપ્રેસ, સુરત-વડોદરા મેમુ, સુરત-વડોદરા મેમુ, અને સુરત-ભરૂચ મેમુ તેમજ બોરીવલી-વટવા એક્સપ્રેસ રોકાશે નહીં.

ઉત્રાણ-લાલકુઆં વચ્ચે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડશે

વડોદરા-ગોધરા-રતલામ થઈને જશે

4 ફેરા માટે દોડશે સ્પેશિયલ, 3 નવેમ્બરથી બુકિંગ શરૂ



સુરતઃ તહેવારોની ભીડ અને મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ મોટી રાહત આપી છે. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા ઉત્રાણ અને લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ટ્રેન કુલ 4 ફેરા કરશે. ઉત્રાણ-લાલકુઆં સાપ્તાહિક સ્પેશિયલ દર ગુરુવારે ઉત્રાણથી બપોરે 3 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે બપોરે 4:10 વાગ્યે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન 05 અને 12 નવેમ્બર 2026ના રોજ દોડશે. પરતમાં લાલકુઆં-ઉત્રાણ સાપ્તાહિક સ્પેશિયલ દર શુક્રવારે લાલકુઆંથી રાત્રે 10 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે રાત્રે 10:15 વાગ્યે ઉત્રાણ પહોંચશે. આ ટ્રેન 6 અને 13 નવેમ્બર 2026ના રોજ દોડશે.

આ ટ્રેન બંને દિશામાં અંકલેશ્વર, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ જંક્શન, નાગદા, કોટા જંક્શન, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ભરતપુર જંક્શન, મથુરા જંક્શન, હાથરસ સિટી, કાસગંજ જંક્શન, બદાયુ, બરેલી, બરેલી સિટી, ઈજ્જતનગર જંક્શન, બહેડી જંક્શન અને કિચ્છા સ્ટેશનો પર રોકાશે. કોચની સુવિધાઆ ટ્રેનમાં AC 2-ટિયર, AC 3-ટિયર, સ્લીપર અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે. બુકિંગ 3 નવેમ્બર-2026થી તમામ PRS કાઉન્ટરો અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. આ ટ્રેન વિશેષ ભાડા પર દોડશે.